**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના UDP-78 અતિઆધુનિક સુવિધાજનક પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક્સ રૂ. ૩ કરોડની રકમ સંબંધિત નગરપાલિકાઓના હવાલે મુકવા બાબત.**

03 FEB 2014

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
૨૭૯ ઠરાવ ક્રમાંકઃ સજય/૧૦૨૦૧૩/S.F.51/ધ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩/૦૨/૨૦૧૪

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા. ૩૦/૩/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ સજય/૧૦૨૦૧૩/S.F.51/ધ.

(૨) આ વિભાગનો તા. ૧૬/૫/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ સજય/૧૦૨૦૧૩/S.F.51/ધ.

**આમુખઃ-**

રાજ્ય સરકારે ઉપર વંચાણે લીધા ક્રમાંક (૧)માં દર્શાવેલ આ વિભાગના તા. ૩૦/૩/૨૦૧૩ના ઠરાવથી અતિઆધુનિક સુવિધાજનક પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક્સ માટે રૂ. ૩ કરોડની રકમ મુખ્ય ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(રાજ્ય) ના હવાલે મુકવા માટે જરૂરી ઠરાવ કરેલ હતો જેમાં આંશિક સુધારો કરી વંચાણે લીધા ક્રમાંક (૨)માં દર્શાવેલ આ વિભાગના તા. ૧૬/૫/૨૦૧૩ના ઠરાવથી આ રકમ જે તે નગરપાલિકાને સંબંધિત જિલ્લાના કાર્યપાલક ઇજનેરશ્રીના હવાલે મુકવા ઠરાવેલ હતું. પરંતુ આ કામગીરીમાં કોઇ પ્રગતિ જણાઇ આવતી ન હોવાથી, આ કામગીરી માર્ગ અને મકાન વિભાગ હસ્તકના જિલ્લાના કાર્યપાલક ઇજનેરશ્રીની બદલે સંબંધિત નગરપાલિકાઓ દ્વારા કરાવવા અને તેની ગ્રાન્ટ સંબંધિત નગરપાલિકાઓને હવાલે મુકવા ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગરે અત્રે દરખાસ્ત કરેલ હતી.

જે અન્વયે કાળજી પૂર્વકની વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવઃ-**

3/2/14

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના UDP-78 હેઠળ અતિઆધુનિક સુવિધાજનક પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક માટેની રકમ માર્ગ અને મકાન વિભાગના જિલ્લાના

સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીના હવાલે મૂકવાના બદલે સંબંધિત નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રીના હવાલે મૂકવાની રહેશે અને પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકની કામગીરી માર્ગ અને મકાન વિભાગના સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી ધ્વારા કરાવવાના બદલે સંબંધિત નગરપાલિકાઓએ નિયમાનુસાર કરવાની રહશે. ગ્રાન્ટની તબદીલી માટેની આનુષાંગિક કાર્યવાહી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ધ્વારા કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.કે.ઠાકર)
ઉપ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

<u>નકલ જાણ માટે રવાના પ્રતિ,</u>

- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત શહેરી વિકાસ કંપની, ગાંધીનગર.
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, સર્વે મહાનગરપાલિકાઓ.
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. (સર્વે નગરપાલિકાઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, રાજકોટ.
- અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- ટ્રેઝરી ઓફિસરશ્રી, ગાંધીનગર ટ્રેઝરી, ગાંધીનગર.
- ચીફ ઓફિસરશ્રી, હિંમતનગર, ખેડબ્રહ્મા, ચોટીલા, લીંબડી, ગોંડલ અને જેતપુર નગરપાલિકાઓ.
- કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સાબરકાંઠા, રાજકોટ, સુરેન્દ્રનગર.
- રોકડ શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સીલેકટ ફાઇલ.